**જનસંપર્ક અધિકારી,**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૪/૦૬/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૭૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭૫૩૮ બિયર ટીન, ૧ ટ્રક અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૭૫૯/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** દિપ્તીબહેન વા/ઓ ભાસ્કારભાઈ જોશી (ઉ.વ.૬૯) (રહે. પાર્શ્વનાથ ટાવર સુભાષ ચોક હનુમાન મંદિરની બાજુમાં મેમનગર) તા.૦૩/૦૬/૨૦૨૫ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે સારથી બંગ્લોઝ આગળ મણીચંદ્ર બંગ્લોઝની સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્કુટર ઉપર આવેલ એક પુરૂષ દિપ્તીબહેન જોશીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દિપ્તીબહેન જોશીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.કે.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૬૦/૨૦૨૫**

**આનંદનગરઃ** આનંદનગર હરણ સર્કલ પાસે કૃષ્ણબાગ સોસાયટી ખાતે વાસુભાઈ સોમાભાઈ મિણા (મુળ વતન.ગામ-ભોજાતાના ઓડા તા-આસપુર જી-ડુંગરપુર રાજસ્થાન) નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૫ સવારના ૭/૩૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દરમ્યાન રહેણાંક ખાતે એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભેમજીભાઈ દેવરાજભાઈ ચલાવે છે.

**ગોમતીપુરઃ** પિયુષભાઈ ભવાનભાઈ સિંઘવ (ઉ.વ.૩૦) (રહે. સરદારજીના છાપરાં ખાડાવાળી ચાલી પાસે ગોમતીપુર) એ પત્ની રિસામણે હોય મનમાં લાગી આવતા તા.૦૩/૦૬/૨૦૨૫ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજયભાઈ માલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી